OFFICE OF THE
# DISTRICT ELECTION OFFICER & COLLECTOR
KHEDA - NADIAD
Jilla Seva Sadan, 3rd Floor, "B" Block, Dabhan Road, Nadiad
Office Telephone No.(0268) 2553046, Fax :: 2553347
E-mail : deputydeokheda2014@gmail.com

---

નં.ચટણ/ટેન્ડર–૨/છાપકામ/વશી/૨૫૬૭/૨૧ તા..૬૬./૧૦/૨૦૨૧ /૨૨/

**વિષય ::–** તમામ પ્રકારની ચૂંટણીઓમાં તેમજ ચૂંટણીલક્ષી કામગીરી માટેના ભાવો મંજુર કરવા બાબત.
**છાપકામની કામગીરી અંગે.**

**વંચાણમાં લીધા ::–**

(૧) ઉપસચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઈએલસી/૪૫૨૦૧૪/૪૬૪૮/છ (સેલ) તા.૩૧/૦૭/૨૦૧૪

(૨) તા.૨૮/૦૯/૨૦૨૧ અને તા.૩૦/૦૯/૨૦૨૧ ની નોંધ પરના આદેશ.

(૩) તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજના ગુજરાત સમાચાર અને સંદેશ દૈનિક સમાચારપત્રોમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નિવિદા તથા **NPROCURE** ઉપર પ્રસિધ્ધ થયેલ ઈ–ટેન્ડરીંગ નોટીસ.

(૪) હરીહર બુક ડેપો, આણંદ તરફથી રજુ થયેલ ટેન્ડર ફોર્મ.

(૫) અર્પણ પ્રિન્ટરી, આણંદ તરફથી રજુ થયેલ ટેન્ડર ફોર્મ.

(૬) એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદ તરફથી રજુ થયેલ ટેન્ડર ફોર્મ.

(૭) તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ સવારના ૧૧–૦૦ કલાકે પ્રિ–બીડ ખોલવાની મળેલ ટેન્ડર કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.

(૮) એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદનો તા.૧૮/૧૦/૨૦૨૧ નો સંમતિપત્ર.

(૯) તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ બપોરના ૧૫–૦૦ કલાકે પ્રાઈઝ–બિડ (ભાવપત્રક) ખોલવાની મળેલ ટેન્ડર કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.

**વિ ગ ત ::–**

તમામ પ્રકારની ચૂંટણીઓ માટે તેમજ ચૂંટણીલક્ષી કામગીરી માટે છાપકામની કામગીરી કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયાથી ભાવો મંજુર કરવાના કામે આમુખ–(૧) થી ચૂંટણીલક્ષી / ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત એજન્સી / ભાવ નકકી કરવા માટે ટેન્ડર કમિટી / ખર્ચ સમિતિની રચના કરવાની સુચના છે. જે ધ્યાને લઈને આમુખ–(૨) ના આદેશથી ટેન્ડર કમિટીની રચના કરેલ.

આમુખ–(૩) થી ઈ–ટેન્ડરીંગ પ્રક્રિયાથી માત્ર ખેડા અને આણંદ જિલ્લાની સ્થાનિક એજન્સીઓ પાસેથી છાપકામની કામગીરી માટેના ભાવો મંગાવવાના કામે જાહેર ટેન્ડર નોટીસ બહાર પાડી **NPROCURE** વેબસાઈટ ઉપર ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવેલ. જે અંતર્ગત તા.૦૭/૧૦/૨૦૨૧ થી તા.૧૬/૧૦/૨૦૨૧ સુધીમાં સાંજના ૧૬–૦૦ કલાક સુધીમાં આમુખ–(૪) થી (૬) મુજબની ખેડા અને આણંદ જિલ્લાની સ્થાનિક એજન્સીઓના કુલ–૩ (ત્રણ) ટેન્ડર ફોર્મ મળેલ. જે નીચે મુજબ છે.

(૧) હરિહર બુક ડેપો, આણંદ

(૨) અર્પણ પ્રિન્ટરી, આણંદ

(૩) એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદ

ઉકત મળેલ ત્રણ એજન્સીના ટેન્ડરફોર્મ પૈકી પ્રથમ તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ બપોરના ૧૧.૦૦ કલાકે પૂર્વ લાયકાતના ટેન્ડરફોર્મ ટેન્ડર કમિટી ધ્વારા ખોલી તેની ચકાસણી કરવામાં આવેલ. જેમાં ઉકત ત્રણેય એજન્સીઓના ટેન્ડરફોર્મ પૂર્વ લાયકાતની તમામ શરતો સંતોષતા હોવાથી, પૂર્વ લાયકાત માટે માન્ય કરી, તેઓના ભાવત્રક ખોલવા માટે આમુખ (૭) થી નકકી કરવામાં આવેલ અને તેઓના ઓનલાઈન મળેલ ભાવો તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ બપોરના ૧૫-૦૦ કલાકે ટેન્ડર કમિટી ધ્વારા ખોલવામાં આવેલ. જે ત્રણેય એજન્સીઓના મળેલ ઓનલાઈન ભાવો ધ્યાને લેતાં છાપકામની કુલ-૭૦ આઈટમ / કામગીરીના કુલ સૌથી ઓછા ભાવ એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદના હોય, સદર એજન્સીને એલ–૧ નકકી કરવામાં આવી અને તેઓએ જે અન્ય એજન્સીઓની આઈટમ / કામગીરીના ભાવો સૌથી ઓછા છે તે ભાવે કામગીરી કરવા આમુખ–(૮) થી સંમતિ આપેલ છે અને જે અનુસાર આમુખ–(૯) થી એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદને છાપકામ કામગીરી માટે નિયત કરવામાં આવેલ. જેમાં નીચે મુજબની શરતોને આધિન એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદને છાપકામની કામગીરી કરવાની રહેશે.

(૧) ટેન્ડરફોર્મની શરતો મુજબ એજન્સીએ જયારે મોટા પ્રમાણમાં કે ચૂંટણી સમયે કામગીરી કરવાની થાય ત્યારે જિલ્લા ચૂંટણીતંત્ર તરફથી જણાવવામાં આવે ત્યારે તુરત જ રૂા.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની સિકયુરીટી ડીપોઝીટ તરીકે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા–નડીઆદના નામનો બેન્ક ડ્રાફ્ટ રજુ કરવાનો રહેશે.

(૨) જે છાપકામ સામગ્રી / કામગીરીના ભાવ ૧૦૦ કે ૧૦૦૦ નંગમાં મંગાવેલ છે / મંજુર કરાયેલ છે. તેમાં એક નંગ સામગ્રી છાપવામાં આવે અથવા ૧૦૦ કે ૧૦૦૦ નંગ છાપવામાં આવે તો તેના ભાવ ૧૦૦ કે ૧૦૦૦ નંગનો જ ગણાશે અને તે મુજબ બિલની ચુકવણી કરવાની રહેશે.

(૩) આ ઈજારા / ભાવોની મુદત આ હુકમ તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી અમલમાં રહેશે અને આ મુદત પૂર્ણ થયા બાદ એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૩ પછી વધુ એક વર્ષ કે બે વર્ષ સુધી આ ભાવ મંજુર કરી શકાશે.

ઉપરોકત શરતો ઉપરાંત ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ તમામ શરતોને આધિન રહીને એજન્સી / ઈજારદારે કામગીરી કરવાની રહેશે.

**હુ ક મ ::–**

**<u>તમામ પ્રકારની ચૂંટણીઓ અને ચૂંટણીલક્ષી કામગીરી માટે છાપકામની</u>** કામગીરી અંગેના આ સાથેના પરિશિષ્ટ મુજબના **<u>એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદના</u>** ભાવો ટેન્ડરફોર્મની તમામ શરતોને આધિન મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ જે તે ચૂંટણીલક્ષી કામગીરીને આધિન ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

**(કે. એલ. બચાણી)**
**જિલ્લા ચૂંટણી અધિકારી અને**
**કલેકટર, ખેડા જિલ્લો,**
**નડીઆદ**

પ્રતિ,
**એકતા ઓફસેટ પ્રા.લિમી.,** નડીઆદ (મો) ૯૯૦૪૮ ૫૩૮૦૦

**<u>નકલ રવાના ::–</u>**

(૧) પ્રાંત અધિકારીશ્રી, તમામ તરફ.
(૨) મામલતદારશ્રી, તમામ તરફ.
(૩) જનસંપર્ક અધિકારીશ્રી, હિસાબીશાખ, ખેડા–નડીઆદ તરફ.
ર/– જાણ સારૂ.